# રાજ્યના ગરીબ દર્દીઓને મદદ કરવા માટે

# પારુલ ટ્રસ્ટ દ્વારા લિવર ટ્રાન્સ પ્લાન્ટ ફાઉન્ડેશનની રચના

## ભાઇ, સાળા અને પત્નીને ડેરીના મતદારો બનાવ્યા હોવાનો મધુ શ્રીવાસ્તવ સામે આક્ષેપ

**ભાસ્કર ન્યૂઝ** । વડોદરા

મધ્યમ અનેગરીબ વર્ગના દર્દીઓને લિવર ટ્રાન્સ પ્લાન્ટ માટે મદદરૂપ થવા પારુલ ઈન્સ્ટિટયૂટ દ્વારા પારુલ ટ્રસ્ટ હેઠળ લિવર ટ્રાન્સ પ્લાન્ટ ફાઉન્ડેશન ઊભું કરવાની જાહેરાત કરી છે.

આ અંગે પારુલ ટ્રસ્ટના ચેરમેન ડૉ. જયેશ પટેલે પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં એકપણ હોસ્પિટલમાં લિવર ટ્રાન્સ પ્લાન્ટનું ઓપરેશન થતું નથી. ગુજરાતના દર્દીઓને મદદરૂપ થવા માટે પારુલ ટ્રસ્ટે લિવર ટ્રાન્સ પ્લાન્ટ ફાઉન્ડેશન બનાવ્યું છે. ફાઉન્ડેશન રૂપિયા ૫૦ લાખથી પોતાની કામગીરી શરૂ કરશે.

ડો. જયેશ પટેલે બરોડા ડેરીના ચેરમેન મધુ શ્રીવાસ્તવ પર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, આદિવાસીઓ માટે ભેંસો ખરીદવામાં રૂપિયા ૨.૫ કરોડનું કૌભાંડ આચરાયું છે. ડેરીની ચૂંટણી પહેલાં જ ચેરમેને પોતાના ભાઇ, સાળી અને પત્નીને મતદાર બનાવી દીધા છે. મધુ શ્રીવાસ્તવ અને તેમની મંડળીએ કચ્છ-ભૂજમાંથી સામાન્ય દૂધ આપતી ભેંસો ખરીદીને રૂપિયા ૨.૫ કરોડનું કૌભાંડ આચર્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મધુ શ્રીવાસ્તવેબરોડા ડેરીનો વહીવટ લીધો છે ત્યારથી હલકી કક્ષાનું દૂધ મળે છે. નર્મદાના નીરના વેચાણ કરીને બરોડા ડેરીએ ખેડૂતો સાથે છેતરપીંડી કરી છે. નર્મદાના નીર પ્રાથમિકતા સિંચાઇ માટે આપવાની હોવાનો કરાર થયેલો છે.